
**વડીલોને વંદન**
**અભિનંદન**



અમૃતલાલ એલ. સોલંકી
(૧૯૩૭) ફોન: ૬૫૭૨૬૪૮૦

# ભાજપના નેતાઓ સંભવિત ઉમેદવારોની યાદી લઈ દિલ્હી દરબારમાં પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨૦

દિલ્હી ખાતે આવતીકાલે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે. જેમાં ગુજરાતની પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટે ઉમેદવારોની આખરી પસંદગી કરી ૨૨મીના રોજ યાદી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુ, ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પુરૂષોત્તમ રૂપાલા અને પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા આજે સાંજે સંભવીત ઉમેદવારોના નામોની પેનલ યાદી સાથે દિલ્હી જવા રવાના થયા છે.

ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની આવતીકાલે મળનારી બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ ફળદુ ૮૭ બેઠકો માટેના સંભવીત ઉમેદવારોની પેનલ યાદી રજુ કરશે. જેના પર ભાજપ મોવડીમંડળ પ્રદેશ નેતાઓ સાથે દરેક બેઠક પરના સંભવિત ઉમેદવારોના નામો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરશે.

ત્યારબાદ ભાજપ મોવડીમંડળ દ્વારા પ્રથમ તબક્કામાં યોજાનારી ૮૭ બેઠકોની ચૂંટણી માટે ઉમેદવારોના નામોની આખરી પસંદગી કરીને મંજૂરીની મહોર મારશે. અને આખરી ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરી દેવામાં આવશે.

ભાજપ મોવડીમંડળ ૨૨મીના રોજ ૮૭ બેઠકો માટેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરશે. આ ઉપરાંત પ્રદેશ નેતાગીરી સાથે ચર્ચા વિચારણા કરીને બીજા તબક્કા માટેની ૯૫ બેઠકોના ઉમેદવારોની પણ પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરીને આખરી યાદી તૈયાર કરી દેવામાં આવશે.

પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટેના ઉમેદવારોના નામોની યાદી ૨૨મીએ જાહેર કરવામાં આવ્યા બાદ તમામ ઉમેદવારો ૨૪મી સુધીમાં પોતાના ઉમેદવારીપત્રો ભરી દેશે.

ઉમેદવારી પત્રો ભરાયા બાદ ૨૫મી નવેમ્બરના રોજ ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતમાં ઉતરી પડશે અને એકી સાથે એક જ દિવસે ૮૭ વિધાનસભા બેઠક પર બાજપના રાષ્ટ્રીય નેતાઓ ચૂંટણી સભાઓ સંબોધીને ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં હાજરી આપવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સંભવત દિલ્હી જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



જલારામ જયંતિ નિમિત્તે પાલડી જલારામ મંદિર ખાતે અન્નકુટ દર્શનનું આયોજન કરાયુ હતુ. ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

## શિશુવિહાર ભાવનગર દ્વારા બે નાગરિકોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના લોકસેવક શ્રીમાનભાઈ ભટ્ટની સ્મૃતિમાં અપાતા નાગરિક સન્માન-૨૦૧૨માં જાણીતા કેળવણીકાર અને વિલ્ડન યુનિવર્સિટીના સલાહકાર જ્યોતિબેન થાનકી અને ગુજરાતના સ્વચ્છતા અને શૌચાલય સંસ્કારને લોકભોગ્ય કરનાર શ્રી સૂર્યકાન્તભાઈ પરીખનું શ્રેષ્ઠ નાગરિક સન્માન કરાશે.

જન્મભૂમિ અખબારના તંત્રી શ્રી કુંદનભાઈ વ્યાસ, સ્વાતંત્ર્ય સેનાની પ્રેમશંકર ભટ્ટની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે. શ્રીમતી રાજીબેન શામળીયાનું પણ સન્માન થશે. તા. ૩૦મી નવેમ્બરે ભાવનગર શિશુવિહારમાં સન્માન સમારંભ યોજાશે.

# મોટી સંખ્યામાં NRI પણ મોદીના ટેકામાં મેદાનમાં

### ઈતિહાસમાં પ્રથમ વાર હજારોની સંખ્યામાં એનઆરઆઈ મોદીને ટેકો આપવા સજ્જ : મોદીને મોટી રાહત મળશે

અમદાવાદ,તા. ૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે ત્યારે એકબીજાને પછાડવા માટે તમામ રાજકીય પક્ષો તૈયારી પણ કરી ચૂક્યા છે. મોટી સંખ્યામાં એનઆરઆઈ પણ અમેરિકા અને અન્ય દેશોમાંથી ગુજરાત પહોંચી ચૂક્યા છે અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ટેકો આપવાની તૈયારી કરી ચૂક્યા છે. મળેલી માહિતી મુજબ હજારોની સંખ્યામાં એનઆરઆઈ મોદીના ચૂંટણી પ્રચારને ટેકો આપવા માટે વતન પરત ફર્યા છે. આ તમામ એનઆરઆઈ લોકો મોદીની વિકાસ કામગીરીથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયેલા છે. નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન અમેરિકન એસોસીએશનના ચેરમેન સી કે પટેલે દાવો કર્યો છે કે હજારો એનઆરઆઈ મોદીના વિકાસ મોડલને ટેકો આપવા મેદાનમાં ઉતરી ચૂક્યા છે. આ તમામ એનઆરઆઈ મોદીની કામગીરીથી ખૂબ જ પ્રભાવિત છે. તેમને માહિતી આપતા કહ્યું છે કે તેમણે સૈંકડો એવા કોલ મળી રહ્યા છે જેમાં જણાવવામાં આવી રહ્યું છે કે તેઓ ચૂંટણી પ્રચારમાં ભાગ લેવા માટે ગુજરાતમાં આવી રહ્યા છે. ઈતિહાસમાં પ્રથમ વખત આટલી મોટી સંખ્યામાં એનઆરઆઈ ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યા છે. ન્યૂજર્સીમાં વર્લ્ડ ગુજરાતી કોન્ફરન્સની સફળતા અને તેની ચલો ગુજરાત થીમ ખૂબ જ શાનદાર દેખાઈ રહી છે. ગુજરાતના વિકાસની બાબત સમગ્ર વિશ્વમાં હાલ ચર્ચાસ્પદ બનેલી છે. જાણકાર લોકોનું કહેવું છે કે આ વર્ષે કવર ઉપર એક મેગેઝિનમાં એક મોદી છવાયા હતા. જેમાં જણાવવામાં આવ્યું હતું કે મોદી એટલે વિકાસ, આ તમામ બાબતો ખૂબ જ અસર કરી રહી છે. કેટલાક એનઆરઆઈ એવા પણ છે જે વતનમાં આવી પહોંચ્યા બાદ ૨૦મી ડિસેમ્બરે પરિણામ જાહેર થયા બાદ જ પરત ફરશે. કેટલાક એનઆરઆઈનું એવું કહેવું છે કે જ્યારે તેઓ ખૂબ પહેલા અમેરિકા ગયા હતા ત્યારે અને હવે સ્થિતિમાં ખૂબ બદલાવ થઈ ગયો છે.

## હત્યાના પ્રયાસના મામલામાં ફરાર આરોપી અંતે ઝડપાયો

અમદાવાદ,તા. ૨૦

આગામી વિધાનસભાની ચૂંટણીના અનુસંધાનમાં ફરાર થયેલા આરોપીઓને પકડી પાડવાની ઝુંબેશ હાલ ચાલી રહી છે જેના ભાગરૂપે એક પોલીસ જવાનની હત્યાના પ્રયાસના મામલામાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ આ આરોપી છેલ્લા આઠ મહિનાથી નાસતો ફરી રહ્યો હતો. ચૂંટણીના અનુસંધાનમાં ફરાર થઈ ચુકેલા અને હાલ નાસતા ફરતા આરોપીઓની શોધખોળ કરવામાં આવી રહી છે. ક્રાઈમ બ્રાંચ અને સહાયક પોલીસ અધિકારીઓની સૂચના અને બાતમી મળ્યા બાદ પોલીસ ઈન્સ્પેક્ટર આરઆર સરવૈયાની ટીમે કોન્સ્ટેબલ નરેન્દ્રસિહને ફરાર આરોપી અંગે માહિતી આપી હતી. માહિતી મળ્યા બાદ પોલીસે વટવા પોલીસ ચોકીમાં હત્યાના પ્રયાસ સહિત અન્ય મામલાઓમાં ફરાર થયેલા આરોપી રમેશ લક્ષ્મણભાઈ દંતાણી (રહે. ખોડિયારનગર, વડોદરા)ની ધરપકડ કરી હતી.

# રાજ્યના નલિયામાં તાપમાન ફરી ઘટીને ૧૩.૪ ડિગ્રી થયું


### તાપમાન વધ્યુ હોવા છતાંય ઠંડીનો અનુભવ લોકો કરવા લાગી ગયા છે : શહેરના ગરમ વસ્ત્રોના બજારમાં તેજી જામી

અમદાવાદ,તા. ૨૦

ગુજરાતભરમાં ઠંડીનું જોર સવારમાં અને રાત્રે દેખાઈ રહ્યુ છે પરંતુ એકંદરે તાપમાનમાં આંશિક વધારો મોટાભાગના વિસ્તારોમાં થયો છે. આંકડા ઉપર નજર કરવામાં આવે તો ચોક્કસ પણે લઘુતમ તાપમાનમાં વધારો થયો છે પરંતુ ઠંડીનો અનુભવ લોકો કરવા લાગી ગયા છે જેથી ગરમ વસ્ત્રોના બજારમાં તેજી જોવા મળી રહી છે અને ભારે ભીડ પણ જોવા મળી રહી છે. નવરંગપુરા બસસ્ટેન્ડની પાછળના વિસ્તારમાં આવેલા તિબેટીયન બજારમાં લોકો ગરમ વસ્ત્રોની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. હવામાન ખાતાએ આગાહી કરતા જણાવ્યું છે કે આવતીકાલે અમદાવાદ શહેરમાં લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહેશે. આજે રાજ્યમાં જે વિસ્તારમાં સૌથી ઓછુ લઘુતમ તાપમાન નોંધાયુ હતુ તેમાં નલિયાનો સમાવેશ થાય છે. નલિયામાં લઘુતમ તાપમાન ૧૩.૪ ડિગ્રી નોંધાયુ હતુ જે ગઈકાલે ૧૫.૧ હતુ. નલિયામાં તાપમાનમાં ઉલ્લેખનિય રીતે બે ડિગ્રીથી વધુનો ઘટાડો નોધાયો છે. અમદાવાદમાં ગઈકાલે ૧૪ ડિગ્રીની સરખામણીમાં આજે તાપમાન વધીને ૧૪.૭ ડિગ્રી રહ્યુ હતુ. આવી જ રીતે પાટનગર ગાંધીનગરમાં ગઈકાલે ૧૩.૬ ડિગ્રી હતુ જે આજે પણ યથાવત રહ્યુ હતુ. ઠંડીમાં એકાએક વધારો થવાના પણ સંકેત દેખાઈ રહ્યા છે.



## શબ્દાવલી - ૪૯૦૧



**આડી ચાવી**

૧. કારીગરી, કિમીયો (૪)
૩. હંટર, ચાબુક (૩)
૫. સામસામે આક્ષેપો (૪)
૭. સાબિતી (૩)
૯. ખીલ્યા વિનાનું ફૂલ (૨)
૧૦. પતિ (૨)
૧૨. એક ખાટું નાનું ફળ (૪)
૧૪. પાટલી, ઓરસીયો (૩)
૧૫. હાથપગમાં મોચ આવે તે (૪)
૧૭. હસી-સજાક (૩)
૧૮. માછલીને અંગ્રેજીમાં... કહેવાય (૨)

**ઊભી ચાવી**

૧. કરજ, દેવું (૨)
૨. દરિયામાં ખૂબ ઊંડે સુધી તરનારો (૪)
૩. પાદુકા (૩)
૪. મકાન, ઝૂંપડું (૩)
૬. બે નાળી બંદૂક (૩)
૭. ખૂટતું પુરૂં કરનાર (૩)
૮. સમાચાર (૩)
૯. કવચિત (૩)
૧૧. માલિક (૪)
૧૩. જીદ, તીવ્ર ઈચ્છા (૩)
૧૪. પડદો, આવરણ (૩)
૧૬. એક પીણું (૨)

**શબ્દાવલી ૪૯૦૦ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ઓસામણ (૪) કણી (૫) વાસણ (૬) પ્રમોદ (૮) રણ (૯) કરજ (૧૧) બેબાકળુ (૧૪) બૃહસ્પતિ (૧૫) હદ (૧૬) કરવત (૧૮) અન્ન (૨૦) જલાધર (૨૧) ગગન

**ઊભી ચાવી :-** (૧) ઓવારણા (૨) સાસણ (૩) મણ (૪) કદર (૭) મોકળું (૧૦) જજબાત (૧૧) બેહદ (૧૨) બાસ્પ (૧૩) કતિક (૧૪) બૃહન્નલા (૧૭) રનીંગ (૧૮) અજ (૧૯) ઠાર

# આજથી યુનિવર્સિટીની સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષા આરંભાશે

### બે લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ૨૧મી નવેમ્બરથી ૨૪ ડિસેમ્બર સુધી પરીક્ષા ચાલશે

અમદાવાદ, તા. ૨૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત વિવિધ વિદ્યાશાખાની બીજા, ત્રીજા અને ચોથા તબક્કાની પરીક્ષાનો તા. ૨૧મી નવેમ્બરથી પ્રારંભ થઈ રહ્યો છે. આ પરીક્ષાઓ તા. ૨૪મી ડિસેમ્બર સુધી ચાલશે. પરીક્ષા સારા માહોલમાં યોજાય તે માટે પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા કરવામાં આવી છે. સાયન્સ, કોમર્સ, લૉ, જર્નાલિઝમ, લાયબ્રેરી સાયન્સ સહિતની સ્નાતક, અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર સિસ્ટમ તેમજ એન્યુઅલ પેટર્નની પરીક્ષા આપવા માટે અંદાજે બે લાખ વિદ્યાર્થીઓ બેસનાર છે. ગુજરાત યુનિ. દ્વારા ગત ઓક્ટોબરમાં સેકન્ડ બી.એ., બી.કોમ. બીએસસી, બીબીએ, બીસીએ, સેકન્ડ એલએલબી સહિતની પ્રથમ તબક્કાની પરીક્ષાઓ પૂર્ણ થઈ.

- બીએ, બીકોમ સેમેસ્ટર રેગ્યુલર-રિપિટર એક્સ્ટર્નલની પરીક્ષા ૨૧મી નવેમ્બર
- બીએસસી, બીબીએ, બીએસસી (ફેડ), બીએસસી ફાયર બીએડ સેમેસ્ટર-૨ (રિપિટર) પરીક્ષા તા. ૨૧મી નવેમ્બર
- એમએ, એમકોમ, સેમેસ્ટર-૪ (રેગ્યુલર) રિપિટર એક્સ્ટર્નલ તેમજ સેમેસ્ટર-૪ (રેગ્યુલર) રિપિટર પરીક્ષા તા. ૨૧મી નવેમ્બર
- એમએસસી સેમેસ્ટર-૨ તેમજ સેમેસ્ટર-૪ (રેગ્યુલર) રિપિટર તા. ૨૧મી નવેમ્બર
- ફર્સ્ટ બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ (રેગ્યુલર) રિપિટર તા. ૨૧મી નવેમ્બર
- ફર્સ્ટ બીસીએ, થર્ડ બીએસસી (ફેડ) રિપિટર તા. ૨૧મી નવેમ્બર
- ફર્સ્ટ, થર્ડ, પર્ફોર્મિંગ આર્ટસ રિપિટર તા. ૨૧મી નવેમ્બર
- થર્ડ બીએ, બીકોમ, બીએસસી રેગ્યુલર રિપિટર તા. ૨૧મી નવેમ્બર
- એલએલબી સેમેસ્ટર-૧ તેમજ ૩ રેગ્યુલર રિપિટર તા. ૨૧મી નવેમ્બર
- થર્ડ એલએલબી (ઓલ્ડ એન્ડ ન્યુ), એલએલએમ સેમેસ્ટર-૨ બીએ, બીકોમ, બીબીએ, બીસીએ, બીએસસી (ફેડ) ફાયર સેફ્ટી સેમેસ્ટર-૩ (રેગ્યુલર) તા. ૩ ડિસેમ્બર
- એમએ, એમકોમ, એમએસસી સેમેસ્ટર-૩ (રેગ્યુલર) રિપિટર તા. ૩ ડિસેમ્બર
- એલએલએમ સેમેસ્ટર-૩ તા. ૩ ડિસેમ્બર
- બેચરલ ઓફ લાયબ્રેરી સાયન્સ, માસ્ટર ઓફ જર્નાલિઝમ સ્ટડીઝ (એમજેએસ) તા. ૩ ડિસેમ્બર
- બીએ, બીકોમ, બીએસસી, બીબીએસ, બીસીએ, બીએસસી (ફેડ), ફાયર સેફ્ટી સેમેસ્ટર-૧ (રેગ્યુલર) રિપિટર એક્સટર્નલ તા. ૨૪મી ડિસેમ્બર
- એમએ, એમકોમ, સેમેસ્ટર-૧ (રેગ્યુલર) રિપિટર અને એક્સટર્નલ તા. ૨૪ ડિસેમ્બર
- એમએસસી સેમેસ્ટર-૧ (રેગ્યુલર) રિપિટર તા. ૨૪ ડિસેમ્બર

# આઉડી દ્વારા ભારતમાં તેનાં વિવિધ મોડેલની કિંમતમાં વધારાની જાહેરાત

જર્મન લકઝરી કાર ઉત્પાદક આઉડી દ્વારા ભારતમાં ઉપલબ્ધ તેનાં વિવિધ મોડલની કિંમતમાં વધારાની જાહેરાત કરવામાં આવી છે. આ ભાવ વધારો વિવિધ મોડલમાં તા.૧લી જાન્યુઆરી, ૨૦૧૩થી અમલી બનશે.

આઉડી ઈન્ડિયાના હેડ શ્રી માઈકલ પર્શ્ચેકે જણવ્યું છે કે 'બજારનું એકંદર ચિત્ર પડકારજનક છે. સાધનસામગ્રીના ખર્ચમાં વધારો, ઘસાતો રૂપિયો તથા બળતણની કિંમતમાં થતો સતત વધારાને કારણે અમને સમગ્ર રેન્જ માટે કિંમતની વ્યુહરચનામાં ફેરફાર કરવાની જરૂર પડી છે. અમે ગ્રાહકોને આઉડી ફાયનાન્સ તરફથી કસ્ટમાઈઝ તથા નવતર પ્રકારના ધિરાણના વિકલ્પો ઓફર કરી રહ્યા છીએ જેને કારણે ખરીદી વધુ આકર્ષક બનશે.'

શ્રી પર્શ્ચેકે વધુમાં જણાવ્યું છે કે, 'પડકારો છતાં આઉડી ભારતમાં લકઝરી માર્કેટની ગતિને વેગ આપતી રહી છે. ૨૩ ડીલરશીપ સાથે અમારી કંપનીની તાકાતમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં આઉડી રાયપુરનો ઉમેરો થયો છે. અમારા પરફોર્મન્સને ધ્યાનમાં લેતા અમને વિશ્વાસ છે કે વર્ષના અંતની પહેલાં અમારા ૨૦૧૨ના ૮,૦૦૦ યુનિટના વેચાણ લક્ષ્યાંકને અમે વટાવી જઈશું.'

આ લકઝરી કાર ઉત્પાદકે આ વર્ષે ઓક્ટોબરમાં ૮૫૦ યુનિટનું વેચાણ નોંધાવ્યું છે, જે ગયા વર્ષના સમાન ગાળાની તુલનામાં ૭૬ ટકાનો વધારો દર્શાવે છે. (ઓક્ટોબર-૨૦૧૧ : ૪૮૨ યુનિટ) ચાર વર્તુળ ધરાવતી આ બ્રાન્ડે આજની તારીખ સુધીમાં જાન્યુઆરીથી ઓક્ટોબર ૨૦૧૨ સુધીમાં ૭૨૬૭ વાહનોનું વેચાણ નોંધાવ્યું છે. (જાન્યુઆરીથી ઓક્ટોબર ૨૦૧૧ : ૪૬૯૨ યુનિટ)

## શહેર અને જિલ્લામાં વાહકજન્ય...

(છેલ્લા પાનાનું અનુસંધાન)

મળ્યા નથી.

તંત્રએ આ વેળાએ ગત વર્ષની તુલનામાં લોહીના નમુના પરીક્ષણ માટે મેળવવાની બાબતમાં પણ સારી એવી નોંધનીય કામગીરી કરી હોવાનું જાણવા મળેલ છે. બિનસત્તાવાર વિગતો પ્રમાણે જિલ્લામાંથી ૨ લાખ ૭૦ હજાર જેટલા લોહીના નમુના તંત્રએ મેળવી અને ચકાસણી કરી હતી જે ગત વર્ષ કરતાં લગભગ સાત હજાર જેટલા વધુ નમુના થાય છે.

મળતી વિગતો પ્રમાણે આ વર્ષે ગાંધીનગર શહેરમાંથી જ ૩૦ હજાર જેલા લોકોના નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૮ હજાર જેટલા મજૂરોના લોહીના નમુના મેળવી અને પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ગ્રામ્ય વિસ્તારમાં વસ્તીના ૧૬ ટકા જેટલા લોહીના નમુના મેળવવામાં આવ્યા હતા. જો કે શહેરી જિલ્લામાં વસ્તીના પ્રમાણમાં ૧૧ ટકા જેટલા જ નમુના તંત્રએ મેળવ્યા છે. તંત્ર દ્વારા લોહીના નમુનાના પરીક્ષણ પછી એન્ટી લારવેલની કામગીરી પણ ૨૪ કલાકમાં જ કરી દેવામાં આવતા રોગચાળાને વકરતો અટકાવવામાં સફળતા મેળવી છે.

આ વર્ષે જે કેસો નોંધાયા તેમાં ૩ જેટલી વ્યક્તીઓના મૃત્યુના પણ બનાવોએ તંત્રની ઉંઘ હરામ કરી દીધી છે.

ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો પુરૂષોમાં વધુ જોવા મળ્યા છે. એટલુ જ નહિ આ વખતે ઝેરી મેલેરિયાના કેસો ગત વર્ષની તુલનામાં ઓછા મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ડેન્ગ્યુના જે કેસો નોંધાયા છે તેમાં વાયરલ ૨ પ્રકારના કેસો વધુ મલી આવ્યા છે. ડેન્ગ્યુના કેસો શિયાળાના પ્રારંભ પછી મળતા રહ્યા હોવાથી તંત્રએ હજુ રાહતનો દમ લીધો નથી કારણ કે પ્રતિકુળ હવામાન મુખ્ય કારણ બન્યું છે. દિવસની ગરમી અને રાત્રીની ઠંડક મચ્છરો માટે વધુ સાનુકૂળ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

તંત્ર આજે પણ એવો દાવો કરે છે કે અમે પુરેપુરી સતર્કતા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮